dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 97 | AD - 2026, Paush Vad - 07 | Friday, Dt.09-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### વહીવટી તંત્રના કર્મચારીઓ પર હુમલો થતા ટોળાને વિખેરવા લાઠીચાર્જ કરાયો, પાંચ લોકોની ધરપકડ

# દિલ્હીના તુર્કમાન ગેટ વિસ્તારમાં મસ્જિદ નજીક દબાણો દુર કરાતા હિંસા

નવીદિલ્હી,તા.૦૮

દિલ્હીના તુર્કમાન ગેટ વિસ્તારમાં એક મસ્જિદ નજીક અતિક્રમણ હટાવવા દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. ગુસ્સે ભરાયેલા ટોળાએ ફૈઝ-એ-ઈલાહીની મસ્જિદ પાસે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટાફ અને પોલીસ કર્મચારીઓ પર પથ્થરમારો કર્યો, જેમાં એસએચઓ સહિત પાંચ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. બેકાબૂ ટોળાને વિખેરવા માટે પોલીસે લાઠીચાર્જ અને ટીયરગેસના શેલ છોડવા પડ્યા હતા. પાંચ તોફાનીઓની ધરપકડ કરવામાં આવી, જ્યારે ૨૫ અન્ય લોકોની અટકાયત કરવામાં આવી અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસે બુધવારે સવારે ચાંદની મહેલ પોલીસ સ્ટેશનમાં વિવિધ કલમો હેઠળ એફઆઈઆર નોંધી છે. તણાવને ધ્યાનમાં રાખીને વિસ્તારમાં અર્ધલશ્કરી દળોની ઘણી કંપનીઓ તૈનાત કરવામાં આવી છે.



ધરપકડ કરાયેલા આરોપીઓમાં કાશિફ, મોહમ્મદ કૈફ, મોહમ્મદ અરીબ, અદનાન અને સમીરનો સમાવેશ થાય છે. અન્ય બદમાશોને ઓળખવા માટે સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વિસ્તારમાં ભીડ એકઠી થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઝોનલ ડેપ્યુટી કમિશનર વિવેક અગ્રવાલે જણાવ્યું હતું કે, 'હાઈકોર્ટના આદેશ પર જૂની દિલ્હીના તુર્કમાન ગેટ વિસ્તારમાં મંગળવારે મોડી રાત્રે એક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જેમાં ફૈઝ-એ-ઈલાહીની મસ્જિદની આસપાસની આશરે ૩૬,૦૦૦ ચોરસ ફૂટ જમીનને અતિક્રમણથી મુક્ત કરવામાં આવી હતી.' ઉત્તર પ્રદેશના રામપુરના સપા સાંસદ મોહિબુલ્લાહ નદવી પર ટોળાને ઉશ્કેરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. દિલ્હી પોલીસના વરિષ્ઠ અધિકારીઓ કહે છે કે આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. દરમિયાન, નદવીએ આરોપોને ખોટા ગણાવતા કહ્યું કે તેઓ શાંતિ અને સૌહાર્દની અપીલ કરવા ગયા હતા. નદવીએ કહ્યું કે મસ્જિદ સમિતિને કાર્યવાહી કરતા પહેલા સમય આપવો જોઈતો હતો. દરગાહ ફૈઝ-એ-ઈલાહી પર એમસીડી દ્વારા કાર્યવાહી પહેલા, ઉત્તર પ્રદેશના રામપુરના સાંસદ મોહિબુલ્લાહ નદવી તુર્કમાન ગેટ વિસ્તારમાં પહોંચ્યા હતા અને સ્થાનિક રહેવાસીઓ સાથે બેઠક યોજી હતી. સેન્ટ્રલ રેન્જ જોઈન્ટ કમિશનર મધુર વર્માએ જણાવ્યું હતું કે કેટલાક લોકો દ્વારા આમંત્રણ મળ્યા બાદ સપા સાંસદ મોહિબુલ્લાહ નદવી મંગળવારે રાત્રે લગભગ ૧૧:૧૫ વાગ્યે તુર્કમાન ગેટ પર આવ્યા હતા. પોલીસ ટૂંક સમયમાં સાંસદ અને હાજર લોકોને પૂછપરછ માટે બોલાવી શકે છે. પોલીસે જણાવ્યું હતું કે અશાંતિ ત્યારે શરૂ થઈ જ્યારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરવામાં આવી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે અતિક્રમણ હટાવવાની ઝુંબેશ દરમિયાન તુર્કમાન ગેટની સામેની મસ્જિદ તોડી પાડવામાં આવી રહી છે. આ પછી, ૩૦ થી ૩૫ તોફાનીઓએ એમસીડી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવાનું અને પથ્થરમારો કરવાનું શરૂ કર્યું. હિંસાના વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યા હતા.




## તેલંગાણામાં કાર ઝાડ સાથે અથડાતા ચાર વિદ્યાર્થીના મોત

(એચ.એસ.એલ),રંગારેડ્ડી,તા.૮

તેલંગાણાના રંગારેડ્ડી જિલ્લામાં એક મોટો માર્ગ અકસ્માત થયો છે. મિર્ઝાગુડામાં એક SUV ઝાડ સાથે અથડાઈ. આ અકસ્માતમાં ચાર વિદ્યાર્થીના મોત થયા છે. મૃતકોમાં સૂર્યતેજા, સુમિત, નિખિલ અને રોહિતનો સમાવેશ થાય છે. આ ઘટના રંગારેડ્ડી જિલ્લાના મોકિલા પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્રમાં બની હતી.

અકસ્માતનો વીડિયો બતાવે છે કે અકસ્માત કેટલો ભયાનક હતો. અકસ્માત પછી કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે કચડાઈ ગયો હતો. તેના માળખાને ભારે નુકસાન થયું હતું. આ જ કારણ છે કે કારમાં સવાર ચાર વિદ્યાર્થી બચી શક્યા ન હતા.

માર્ગ અકસ્માતનો ભોગ બનેલો સુમિત આઈબીએસ કોલેજનો BBA વિદ્યાર્થી હતો. તે ૨૦ વર્ષનો હતો. બીજો મૃતક નિખિલ પણ ૨૦ વર્ષનો હતો. ૧૮ વર્ષનો એન્જિનિયરિંગ વિદ્યાર્થી રોહિત પણ અકસ્માતમાં જીવ ગુમાવ્યો.

આઈબીએસ કોલેજમાં બીજા વર્ષના વિદ્યાર્થી સૂર્યતેજાનું પણ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. તે મંચેરિયાલનો રહેવાસી હતો. આ અકસ્માતમાં આઈબીએસ કોલેજમાં બીજા વર્ષની વિદ્યાર્થિની શંકરી નક્ષત્ર પણ ઘાયલ થઈ હતી. તેને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી અને ત્યાં તેની યોગ્ય સારવાર ચાલી રહી છે. મૃતકોના પરિવારોને અકસ્માતની જાણ કરવામાં આવી છે.









### તાલુકા ભાજપ પ્રમુખ સહિત કાર્યકરોની હાજરીમાં

# જે.વી. કાકડીયાના હસ્તે બગસરા પુતળીયા મહાદેવ મંદિર પાસે પાણીના સમ્પનું લોકાર્પણ

અમરેલી,તા.૦૮



બગસરા તાલુકામાં પુતળીયા મહાદેવના મંદિર પાસે બગસરા હેડ વર્કર્સનું અંદાજિત રકમ રૂ. ૧૧.૭૫ લાખના ખર્ચે પાણીના સમ્પનું લોકાર્પણ કરવામાં આવ્યું. લોકાર્પણ સમયે ધારાસભ્ય જે.વી. કાકડીયા, બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર, બગસરા માર્કેટિંગ યાર્ડ ચેરમેન કાંતિભાઈ વેકરીયા, વાઈસ ચેરમેન ઘનશ્યામભાઈ હીરપરા, તાલુકા પંચાયત સદસ્યો, તાલુકા ભાજપના હોદ્દેદારો સાથે બગસરા તાલુકાના ગ્રામજનો તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો સહિત અન્ય આગેવાનો હાજર રહ્યા હતા.

# અમરેલી એઆરટીઓ કચેરી દ્વારા ડ્રાઈવરોની આરોગ્ય તપાસણી કરાઈ

અમરેલી,તા.૦૮

કેન્દ્ર સરકાર દ્વારા માર્ગ અકસ્માતોના ઘટાડા અને માર્ગ સલામતી અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુસર દર વર્ષે જાન્યુઆરીમાં ઉજવાતા રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત અમરેલી જિલ્લામાં એ.આર.ટી.ઓ. કચેરી, અમરેલી દ્વારા વિવિધ જનહિતકારી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. રોડ સેફ્ટી કમિશનર, ગુજરાત તેમજ જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ તા. ૧ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી દરમ્યાન રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત તા. ૦૬ને મંગળવારના રોજ અમરેલી શહેર તેમજ આસપાસના મુખ્ય માર્ગો પર વાહનચાલકો માટે હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આરોગ્ય ચકાસણી સાથે સાથે ડ્રાઈવરોને રોડ સેફ્ટી અંગે માર્ગદર્શન, ટ્રાફિક નિયમોની સમજણ, તેમજ સાવચેતીપૂર્વક વાહન ચલાવવાના સંદેશા આપવામાં આવ્યા હતા. ઉપરાંત વિવિધ ટ્રાફિક શાખા તેમજ સિવિલ સર્જનના સહયોગથી ડ્રાઈવરો માટે આંખ, કાન, બ્લડપ્રેશર તથા અન્ય આરોગ્ય તપાસ કરવામાં આવી હતી તેમ સહાયક વાહન વ્યવહાર અધિકારી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

# જિલ્લા કક્ષાની સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં સા.કુંડલાની શાળાના શિક્ષકોની ગૌરવપૂર્ણ સિદ્ધિ

સાવરકુંડલા,તા.૦૮



અમરેલીમાં જિલ્લા કક્ષાએ આયોજિત સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલના શિક્ષકોએ ઉત્તમ પ્રદર્શન કરીને શાળાનું નામ ઉજાગર કર્યું છે. લોકવાર્તા સ્પર્ધામાં આપાભાઈ માંજરીયાએ પ્રથમ સ્થાન મેળવ્યું છે, જ્યારે સુગમ સંગીત સ્પર્ધામાં તૃપ્તિબેન ભરાડે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શિક્ષકોની આ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ બદલ શાળાના પ્રિન્સિપાલ ચેતનભાઈ ગુજરીયાએ અભિનંદન પાઠવ્યા હતા. નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી, ઉપપ્રમુખ કનુભાઈ ગેડિયા તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# લીલીયામાં નીલકંઠ, ગાયત્રી અને શ્યામ સરોવરના જર્જરિત વેસ્ટ વિયરની મરામત માટે મહેશ કસવાલાને કરાઈ રજૂઆત

લીલીયા મોટા, તા.૦૮



લીલીયા મોટા ખાતે આવેલા જલધારા સેવા ટ્રસ્ટ દ્વારા સ્થાનિક જળસ્ત્રોતોની સુરક્ષા અને જળસંચયની ક્ષમતા જાળવી રાખવા માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત દ્વારા પાઠવવામાં આવેલા પત્રમાં ગામના મહત્વના સરોવરોના વેસ્ટ વિયરની તાકીદે મરામત કરવાની માંગ કરવામાં આવી હતી. રજૂઆતમાં જણાવ્યા અનુસાર, લીલીયામાં આવેલા નીલકંઠ સરોવર, ગાયત્રી સરોવર અને શ્યામ સરોવરના ચેકડેમ નાની સિંચાઈ અને ૬૦-૪૦ની યોજના હેઠળ વિકસાવવામાં આવ્યા છે. આ બંધારા ઘણા વર્ષો જૂના છે અને તેમાં પાણી સંગ્રહ કરવાની ક્ષમતા ખૂબ જ વિશાળ છે. જોકે, લાંબા સમયથી મરામતના અભાવે આ સરોવરોના વેસ્ટ વિયર (વધારાના પાણીના નિકાલ માટેની જગ્યા) અત્યંત જર્જરિત હાલતમાં છે. ચોમાસું શરૂ થાય તે પહેલા જો રિપેરીંગ થઈ જાય તો ગામનો પાણીનો સ્ત્રોત સુરક્ષિત રહે અને ભવિષ્યની મુશ્કેલીઓ ટાળી શકાય.

# અંધ વિદ્યાલય-થોરડીના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં રાજ્યકક્ષાએ જશે

સાવરકુંડલા,તા.૦૮



તસવીર : સૌરભ દોશી

ગત તા. ૧૨ના રોજ અમરેલી ખાતે યોજાયેલા સ્પેશિયલ ખેલ મહાકુંભ (અંધજનો માટે) માં શ્રી નિવાસી અંધ વિદ્યાલય-થોરડીના ૧૧ ખેલાડીઓએ પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ વિજેતા ખેલાડીઓ આગામી ૧૦-૦૧-૨૦૨૬ ના રોજ મહારાજા જયદીપસિંહજી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, દેવગઢ બારીયા (દાહોદ) ખાતે રાજ્યકક્ષાના સ્પેશિયલ ખેલ મહાકુંભમાં ભાગ લેવા જશે. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી, આચાર્ય, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# સાવરકુંડલાના મેલડી ધામમાં બોલીવૂડ અભિનેતા રાજપાલ યાદવે દર્શન કર્યા

સાવરકુંડલા,તા.૦૮



સાવરકુંડલા ખાતેના પ્રસિદ્ધ 'શ્રી મેલડી ધામ મંદિર'માં ગત રવિવારે બોલીવૂડના પ્રખ્યાત હાસ્ય અભિનેતા રાજપાલ યાદવજીએ દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. આ તકે તેમણે પૂજ્ય ઘનશ્યામબાપુના આશીર્વાદ પ્રાપ્ત કરીને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ દરમિયાન મંદિરમાં 'જયદીપભાઈ સોની એન્ડ ગ્રુપના કલાકારો દ્વારા ભવ્ય સંતવાણીનો ભવ્ય કાર્યક્રમ પણ યોજાયો હતો, રાજપાલ યાદવજીએ આ સંતવાણીનો લાભ લીધો હતો. તેઓએ પોતાની શ્રદ્ધા ભક્તિ અને આસ્થાનો દીપ પ્રગટાવીને કહ્યું કે, મેલડી માતાજીના આ ધામમાં આવીને મનને અપાર શાંતિ પ્રાપ્ત થઈ છે.

# સાવરકુંડલા વોર્ડ નં.૩માં આગ લાગતા ફાયર વિભાગની ટીમ દોડી

અમરેલી,તા.૦૮



સાવરકુંડલા શહેર વોર્ડ નં.૩ ઝીણા બાપાની દેરી રેલવે ક્રોસિંગ પાસે નગરપાલિકા દ્વારા જે કચરો નાખવામાં આવે છે ત્યાં અચાનક આગ લાગી હતી. ખેડૂતે જાણ કરતા નગરપાલિકાની ફાયર બ્રિગેડને જાણ કરતા જયરાજભાઈ ખુમાણ, રવિભાઈ જેબલીયા, પ્રદીપભાઈ ખુમાણ, મયુરભાઈ મારુએ તરત જ સ્થળ પર જઈ આગ પર કાબુ મેળવ્યો હતો. આગથી કોઈ જાનહાનિ ન થઈ હોવાની માહિતી મળી છે.

### દામનગરમાં વારંવાર થતા આખલાયુધ્ધથી લોકોમાં ભય



દામનગર શહેરમાં વારંવાર થતા આખલાયુધ્ધથી લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. રખડતા ઢોરને કાબુમાં લેવા માટે હાઈકોર્ટનો આદેશ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી નથી. ભૂતકાળમાં આખલાયુધ્ધથી અનેક લોકોને ઈજાઓ પહોંચી છે ત્યારે દામનગરમાંથી રખડતા ઢોરને પકડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# લાઠીના દુધાળામાં હેતની હવેલી ખાતે આયોજિત મેગા મેડિકલ કેમ્પમાં હજારો દર્દીઓએ લીધો લાભ

લાઠી, તા.૦૮



અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ખાતે આવેલી 'હેતની હવેલી'માં ધોળકિયા ફાઉન્ડેશન, રોટરી ક્લબ અને વિવિધ સહયોગી સંસ્થાઓ દ્વારા આયોજિત ચાર દિવસીય મહા મેડિકલ કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો છે. તારીખ ૪ જાન્યુઆરીથી ૭ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાયેલા આ કેમ્પમાં હજારો જરૂરિયાતમંદ દર્દીઓએ નિષ્ણાત ડોક્ટરોની સેવાનો લાભ લીધો હતો.

આ કેમ્પમાં દેશ અને વિદેશના ખ્યાતનામ ડોક્ટરોએ પોતાની સેવાઓ આપી હતી, જેમાં ૧૦,૦૦૦થી વધુ લોકોની આંખની તપાસ કરવામાં આવી અને ૧,૦૦૦થી વધુ લોકોને નિઃશુલ્ક ચશ્માનું વિતરણ કરાયું હતું. ૧૦૦થી વધુ દર્દીઓની કેન્સરની તપાસ, ૩૫૦થી વધુ દર્દીઓને એક્યુપ્રેશર પદ્ધતિથી સારવાર, ૧૦૦ ઉપરાંતના લોકોના દાંતની સારવાર કરાઈ હતી.

# અમરેલીના ચાંપાથળ ગામે પ્રાકૃતિક પ્રેરણા પ્રવાસ યોજાયો, ખેડૂતોની બહોળી સંખ્યામાં હાજરી

અમરેલી,તા.૦૮



ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા અમરેલી તાલુકાના ચાંપાથળ મુકામે જિલ્લાની અંદર પ્રાકૃતિક કૃષિ પ્રેરણા પ્રવાસનું સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા. ખેડૂતોને ઘન જીવામૃત, આચ્છાદન, દશપર્ણી અર્ક સહિત પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો, માર્કેટ જોડાણ વિષયક માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ખેડૂતો જાતે જ પ્રાકૃતિક કૃષિ માટે આવશ્યક ઘન જીવામૃત બનાવી શકે તે માટે લાઈવ ડેમોન્સ્ટ્રેશન પણ આપવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ સતત વધી રહ્યો છે. પરંપરાગત પદ્ધતિથી ખેતી કરતા ખેડૂતો હવે પ્રાકૃતિક કૃષિ તરફ વળી રહ્યા છે. પ્રાકૃતિક કૃષિ એ બદલાતા સમયની માંગ છે. રસાયણમુક્ત ખેતી થકી જમીનની ફળદ્રુપતા પાછી મેળવી શકાય છે સાથે માનવીય આરોગ્ય પરનો ખતરો ઘટાડી શકાય છે.









# બગસરા બાયપાસ પાસે મહાકાય ટ્રક નાળામાં ખાબકતા ભારે નુકસાન

બગસરા,તા.૦૮

બગસરા બાયપાસ નજીક ફરી એકવાર હાઈવે વિભાગની બેદરકારીને કારણે ટ્રક નાળામાં ખાબકતા ટ્રકને ભારે નુકસાન થયું હતું. બગસરાથી અમરેલી માર્ગ પર પરફેક્ટ રેસ્ટોરન્ટ પાસે ખતરનાક વળાંક આવેલો છે. બે વર્ષ પહેલા અકસ્માત ન થાય તે માટે નાળાની ફરતે પ્રોટેક્શન વોલ બનાવવામાં આવી હતી પરંતુ આ પ્રોટેકશન વોલ બે વર્ષ પહેલા પડી જતાં આ નાળુ વાહનચાલકો માટે જાખમી બન્યું છે. બે વર્ષમાં અનેક અકસ્માતો થયા છે. જેમાં તા.૮ના રોજ વહેલી સવારે ગોંડલથી સીંગદાણા ભરેલો મહાકાય ટ્રક જેસર જવા નીકળ્યો હતો. પરફેકટ રેસ્ટોરન્ટ પાસે વળાંક લેતી વખતે ટ્રક નાળામાં ખાબક્યો હતો. જો કે કોઈ જાનહાનિ થયાના સમાચાર નથી. આ ઘટનાની જાણ હાઈવેના અધિકારીઓને કરવામાં આવતા તેઓ પણ દોડી આવ્યા હતા. આ સ્થળે વારંવાર અકસ્માત થતા હોવા છતાં હાઈવે અધિકારીઓ દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી ન હોવાથી લોકોમાં આક્રોશ ફેલાયો છે.



# જનક તળાવીયાના પ્રયાસોથી બાબરાના ઘરાઇ-બળેલ પીપરીયા રોડને રિસર્ફેસીંગ કરવા રૂ.૧.૩૦ કરોડ મંજૂર

લાઠી, તા.૦૮

લાઠી-બાબરા પંથકના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સઘન પ્રયાસોથી બાબરા તાલુકાના ઘરાઈ અને બળેલ પીપરીયા ગામને જોડતા અગત્યના માર્ગને રિસર્ફેસીંગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧.૩૦ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે. આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રિસર્ફેસીંગ કરવા માટે રાજ્ય સરકારમાં રજૂઆત કરી હતી.

ધારાસભ્યની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂ. ૧.૩૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ અંગે જણાવ્યું હતું કે, "લાંબા સમયથી આ રોડની સ્થિતિ ચિંતાજનક હતી, જેના કારણે લોકોને હાલાકી ભોગવવી પડતી હતી. રાજ્ય સરકારે આ રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક આટલી મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ-મકાન મંત્રીનો આભાર વ્યક્ત કરું છું.



# અમરેલીમાં આજે ભરતી મેળો

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર આલ્ફા ઓટોલિંક એલ.એલ.પી, અમરેલી માટે આવતીકાલે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં ૨૦ થી ૪૦ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાને અનુરૂપ કોઈપણ સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનારા માટે ખાસ મહિલા રોજગાર ઈચ્છુકો ભાગ લઈ શકશે. અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી સવારે ૧૧.૦૦ કલાકે આલ્ફા ઓટોલીંક એલ.એલ.પી, લાઠી રોડ બાયપાસ, અમરેલી ખાતે યોજાનારા આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજિસ્ટ્રેશન લિંક https://anubandham.gujarat.gov.in/account/signup પરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર login કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે.

# ડેરી સાયન્સ કોલેજ દ્વારા ઈન્ડસ્ટ્રી એકેડેમીયા ઈન્ટ્રેક્શન કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૦૮

કોલેજ ઓફ ડેરી સાયન્સ, કામધેનુ યુનિવર્સિટી, અમરેલી તા. ૦૬ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ઉદ્યોગ જગતની વાસ્તવિક કામગીરી સાથે પરિચિત કરાવવા તથા શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચે સેતુ રચવાના હેતુસર ઈન્ડસ્ટ્રી એકેડેમીયા ઈન્ટ્રેક્શન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એસ.પી.એક્સ. ફ્લો ટેકનોલોજી, ડેનમાર્ક ખાતેથી માર્કેટ ડાયરેક્ટર તેમજ ઉદ્યોગના નિષ્ણાત, પ્રણવ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન તેમણે ઉદ્યોગ ક્ષેત્રની વર્તમાન પ્રવૃત્તિઓ, રોજગારની તકો, નવીન ટેકનોલોજી, કુશળતા વિકાસ તથા ઉદ્યોગની આવશ્યકતાઓ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે કોલેજના આચાર્ય અને ડીન ડૉ. વિમલ એમ. રામાણી દ્વારા સ્વાગત પ્રવચન કર્યું હતું. કોલેજના પ્લેસમેન્ટ કો-ઓર્ડીનેટર એમ. પી. પરમાર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.



# સાગરખેડૂ સાયકલ રેલીમાં ભાગ લેવા તા.૨૦ સુધીમાં અરજી કરવી

અમરેલી,તા.૦૮

ગુજરાત રાજ્યના ૧૫ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓ માટે સાગરખેડૂ સાયકલ રેલીનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. દર વર્ષે આ રેલી યોજાય છે. આ વર્ષે ૭ દિવસ માટે સાગરખેડૂ સાયકલ રેલી યોજાશે. આ રેલીમાં જોડાવા ઈચ્છુક યુવક-યુવતીઓ કે જેમની ઉંમર ૩૧.૧૨.૨૦૨૫ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની હોય તેઓ ભાગ લઈ શકે છે. ભાગ લેનારે કચેરી બ્લોગ પોસ્ટ dydoamreli.blogspot.com પરથી અથવા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, બહુમાળી ભવન, પ્રથમ માળ, બ્લોક સી, રૂમ નં. ૧૧૦, ૧૧૧ અમરેલી ખાતેથી ફોર્મ મેળવવાના રહેશે અને તા. ૨૦.૦૧.૨૦૨૬ સુધીમાં અરજી કરવાની રહેશે. અરજીમાં નામ-સરનામું, મોબાઈલ નં., જન્મ તારીખ, વ્યવસાય અથવા શૈક્ષણિક લાયકાત, એન.સી.સી, પર્વતારોહણ, રમતગમત સ્પર્ધાઓમાં ભાગ લીધો હોય તે સહિતની વિગતો, પાસપોર્ટ ફોટો, ઓળખ કાર્ડ સહિતની વિગતો જોડવાની રહેશે.

# ચલાલામાં ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા ૨૮૬મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ કેમ્પ યોજાયો

ચલાલા, તા.૦૮

ચલાલામાં યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં ૨૮૬મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ કેમ્પ યોજાયો હતો. જેમાં શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષની કચેરી-ગાંધીનગરના ઉપક્રમે યોજાયેલ આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ પ.પૂજ્ય સંત ડો.રતિદાદાના આશીર્વાદથી મંગલ દિપ પ્રાગટ્ય દ્વારા થયો હતો. સ્વ. હંસાબેન રામજીભાઈ ભાયાણી પરિવાર યુ.કે.ના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી, જે પૈકી ૩૫ દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકો મશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. દંતયજ્ઞમાં ડૉ. ઈશાબેન તથા ડૉ. દિગીશાબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ, મંજુબા તથા શીતલબેન સહિત સ્ટાફગણે ખુબ જહેમત ઉઠાવી હતી.



# સાવરકુંડલાની કબીર ટેકરી ખાતે શાંતાબા મેડિકલ કોલેજ દ્વારા નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૦૮

ગજેરા ટ્રસ્ટ સંચાલિત શાંતાબા મેડિકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ, અમરેલીના કોમ્યુનિટી મેડિસિન વિભાગ તેમજ ગ્રામીણ આરોગ્ય તાલીમ કેન્દ્ર (RHTC) દ્વારા સાવરકુંડલાના કબીર ટેકરી વિસ્તારમાં માનવતાના હેતુથી નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો શુભારંભ કબીર ટેકરીના મહંત નારાયણદાસના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા દર્દીઓની સઘન તપાસ કરવામાં આવી હતી. સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે સ્થળ પર જ ડાયાબિટીસ (સુગર) અને હિમોગ્લોબિનની લેબોરેટરી તપાસ, બ્લડ પ્રેશર તેમજ તાવ, શરદી, ઉધરસ જેવા સામાન્ય રોગોનું નિદાન કરવામાં આવ્યું હતું. તપાસ બાદ દર્દીઓને જરૂરી તમામ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવી હતી.


તસવીર : સૌરભ દોશી















## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરું છું, મારું નામ હરેશ કરશન માંથી બદલીને હરેશભાઈ કરશનભાઈ ભાલિયા રાખેલ છે. હવેથી હું હરેશભાઈ કરશનભાઈ ભાલિયા તરીકે ઓળખાઈશ.
સરનામુ - રામદાર જનતા સોસાયટી, જાફરાબાદ
જી - અમરેલી - ગુજરાત
પીન - ૩૬૫૫૪૦
મો. ૯૮૯૮૪૫૧૦૮૩

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૧૨૨/૨૦૨૫

શ્રી સાવલીયા કનુભાઈ નાગજીભાઈ
રહે.ઈંગોરાળા(ડાંડ) તા.લીલીયા જિ.અમરેલી
........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, ઈંગોરાળા(ડાંડ) ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સાવલીયા કનુભાઈ નાગજીભાઈની પુત્રી સંગીતાબેન કનુભાઈ સાવલીયા જન્મ તા.૦૧/૦૬/૧૯૮૯ના રોજ ઈંગોરાળા(ડાંડ) મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા. /૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૪૭/૨૦૨૫

શ્રી સલીમભાઈ વલીમામદ સુમરા,
રહે. જેતપુર, ઠે.ફુલવાડી ઢોરો, તા.જેતપુર, જી.રાજકોટ
....વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ઉમરાળી
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી સલીમભાઈ વલીમામદ સુમરા દ્વારા તેમના ભત્રીજીશ્રી શેહનાઝ ઈસુબ સુમરાનો જન્મ તા.૧૦/૦૫/૧૯૭૭ના રોજ ગામ મોજેઃ ઉમરાળી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના ભત્રીજીની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - ઉમરાળી, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩૧ મી માહે : ડીસેમ્બર સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**

## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૪૬/૨૦૨૫

શ્રી યુનુસ જુસબ સોલંકી,
મુળ રહે. ઉમરાળી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ
હાલ રહે. મુ.વરોતી, પોસ્ટ-કાસા તા.દાહણું, જી.પાલઘર-૪૦૧૬૦૭ મહારાષ્ટ્ર ....વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ઉમરાળી
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી યુનુસ જુસબ સોલંકીનો જન્મ તા.૧૫/૦૮/૧૯૬૧ના રોજ ગામ/મોજેઃ ઉમરાળી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - ઉમરાળી, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩૧ મી માહે : ડીસેમ્બર સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**

## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૪૯/૨૦૨૫

શ્રી હુસેન જિકર સોલંકી
મુળ રહે. નવી ધારી ગુંદાળી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ
હાલ રહે. મુ.પો.કાસા.બુ., તા.વિક્રમગઢ, જી.પાલઘર-૪૦૧૬૦૭ મહારાષ્ટ્ર ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - નવી ધારી ગુંદાળી
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી હુસેન જિકર સોલંકીનો જન્મ તા.૧૧/૦૬/૧૯૬૩ના રોજ ગામ/મોજેઃ નવી ધારી ગુંદાળી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - નવી ધારી ગુંદાળી, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩૧ મી માહે : ડીસેમ્બર સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**

# મહેશ કસવાલાના પ્રયાસોથી લીલીયા તાલુકામાં સિંચાઈના કામો માટે રૂ. ૬.૪૦ કરોડ મંજૂર થયા

લીલીયા, તા.૦૮



લીલીયા તાલુકામાં સિંચાઈ સુવિધાઓ વધુ સુદ્રઢ બનાવવા માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સક્રિય રજૂઆત અને સતત પ્રયત્નોના પરિણામે રાજ્ય સરકાર દ્વારા કુલ ૧૧ સિંચાઈના કામો માટે રૂ. ૬૪૦.૮૨ લાખ (અંદાજે ૬.૪૦ કરોડ) મંજૂર કરવામાં આવ્યા છે. આ મંજૂરી મળતા તાલુકાના નાના લીલીયા, ભેંસવડી, કુતાણા, ઈંગોરાળા ડાંડ, સલડી, મોટા કણકોટ, પુંજાપાદર, ક્રાંકચ અને બોડીયા ગામોમાં સિંચાઈની સુવિધામાં વધારો થશે. મંજૂર થયેલા કામમાં ભેંસવડી: ચેકડેમ મરામત અને મજબૂતીકરણ - રૂ. ૧૨૭.૭૩ લાખ. સલડી: નાની સિંચાઈ મરામત અને મજબૂતીકરણ (જૂના મંજૂર થયેલ અને નવા કામો સહિત) - કુલ રૂ. ૨૮૬.૩૦ લાખ તથા સ્મશાન પાસે એફ.પી. વોલ - રૂ. ૨૪.૦૭ લાખ. પુંજાપાદર: ચેકડેમ મરામત - રૂ. ૬૬.૧૪ લાખ. બોડીયા: પ્રોટેક્શન વોલનું કામ - રૂ. ૪૮.૦૬ લાખ. નાના લીલીયા: માટીના બંડનું મરામત કામ - રૂ. ૩૧.૨૧ લાખ. મોટા કણકોટ: પૂર સંરક્ષણ દીવાલ - રૂ. ૨૯ લાખ. ઈંગોરાળા ડાંડ: બંધારા ડેમ મરામત (૧૮.૮૪ લાખ) અને ચેકડેમ રિપેરીંગ (૪.૫૦ લાખ) અને કુતાણા ગામે મરામત (૫.૯૬ લાખ) અને ક્રાંકચ ગામે તળાવ રીનોવેશન (૫.૦૦ લાખ)નો સમાવેશ થાય છે. આ બદલ ધારાસભ્યએ તાલુકાવાસીઓ વતી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા જળસંપત્તિ મંત્રી ઈશ્વરભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો છે.

# રાજુલામાં કોર્ટ મુદતે આવેલા સુરતના વેપારી પર જીવલેણ હુમલાથી ચકચાર

રાજુલા, તા. ૦૮

સુરતના એક વેપારી અને આરોપીઓ વચ્ચે દોઢ વર્ષ પહેલાં થયેલી મારામારીનું મનદુઃખ રાખી રાજુલામાં ભરબપોરે હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. રાજુલા સેશન્સ કોર્ટમાં મુદત પતાવી પરત ફરી રહેલા વેપારીની કારને આંતરીને અજાણ્યા શખ્સોએ તોડફોડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ હતી. મૂળ રાજુલાના અને સુરત રહી વેપાર કરતાં અનીલભાઈ બાબુભાઈ કાતરીયા (ઉ.વ.૪૪)એ મહેશભાઈ ભુરાભાઈ ધાખડા રહે.ઉચૈયા તથા અન્ય ચાર અજાણ્યા માણસો સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, તેઓ કોર્ટમાં પોતાની મુદ્દત પૂર્ણ કરી કાર (નં. GJ-૦૬-PA-૨૪૫૬) માં બેસી પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન રાજુલા-જાફરાબાદ રોડ પર ભારત પેટ્રોલિયમ પાસે, મામલતદાર કચેરીના વળાંકમાં કાર પહોંચતા જ એક અજાણ્યા બાઈક સવારે ડ્રાઈવરને ઈશારો કરી ગાડી ઉભી રખાવી હતી. ગાડી ઉભી રહેતાની સાથે જ પાછળથી પણ એક મોટરસાયકલ પર બે શખ્સો આવ્યા હતા, જે પૈકી એક આરોપીના હાથમાં છરી હતી. અચાનક થયેલા આ હુમલામાં એક આરોપીએ લોખંડના પાઈપ વડે કારના આગળના કાચ પર જોરદાર પ્રહાર કર્યો હતો. જતી વખતે આરોપીઓએ ધમકી આપતા કહ્યું હતું કે, ભાગી ગયો, કાંઈ વાંધો નહીં, જો હોત તો તેને આજે પતાવી જ દેવાનો હતો. આમ, સરેઆમ જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓ ફરાર થઈ ગયા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ ભરતભાઈ મુહાભાઈ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાંથી વધુ બે સગીરા લાપતા બનતા પોલીસને જાણ કરાઈ

અમરેલી, તા.૦૮

અમરેલી જિલ્લામાંથી વધુ બે સગીરા લાપતા બની હતી. મૂળ મધ્ય પ્રદેશના ધાર જિલ્લાના અને હાલ આસોદર ગામે વાડીએ રહેતા સજનીબેન સરપતભાઈ બઘેલ (ઉ.વ.૪૦)એ અજાણ્યા ઈસમ સામે તેમની સગીર પુત્રીને આસોદર ગામની સીમમાં વાડી પાસે રોડ ઉપરથી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયાના ફરિયાદ નોંધાવી હતી. બીજો બનાવ અમરેલીના સરંભડા ગામે બન્યો હતો. સગીરાના પિતાએ જાહેર કર્યા મુજબ, બગસરાના માવજીંજવા ગામના ચિરાગ મનોજભાઈ જાદવ તેમની સગીર પુત્રીને લલચાવી ફોસલાવી તેને લગ્ન કરવાની લાલચ આપી, તેની સાથે ગંદુ કામ કરવાના ઈરાદે ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયો હતો. પોલીસે બંને કેસની તપાસ શરૂ કરી છે.

# રાજુલાના 'મીની બગદાણા' સમાન બાપા સીતારામ ગુરૂ આશ્રમ ખાતે ૪૯મી પુણ્યતિથિ નિમિત્તે ભવ્ય કાર્યક્રમો

રાજુલા, તા.૦૮



રાજુલા શહેરના ભેરાઈ રોડ પર આવેલા અને લોકોમાં 'મીની બગદાણા ધામ' તરીકે ઓળખાતા બાપા સીતારામ ગુરુ આશ્રમ ખાતે સંત શ્રી બજરંગદાસ બાપાની ૪૯મી પુણ્યતિથિ નિમિત્તે વિવિધ ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન અવસરે આશ્રમ ખાતે મંગળા આરતી, ગુરુપૂજન, રાજભોગ આરતી, સર્વ રોગ ફ્રી નિદાન કેમ્પ અને સંધ્યા આરતી જેવા ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે નગરયાત્રા બાપાના મંદિરેથી પ્રસ્થાન કરી, કાનજીબાપા સોસાયટી અને માર્કેટિંગ યાર્ડ વિસ્તારમાં ફરીને પરત નિજ મંદિરે પૂર્ણ થઈ હતી, જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા. સાંજના સમયે હજારોની સંખ્યામાં લોકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો અને રાત્રે ૯:૦૦ કલાકે સંતવાણીનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર મીરાનગરના રહીશો દ્વારા પૂરતો સાથ-સહકાર પૂરો પાડવામાં આવ્યો હતો. આ તકે રાજુલા શહેરના અગ્રણીઓ, વેપારીઓ, વિવિધ સંસ્થાના આગેવાનો અને રાજકીય કાર્યકર્તાઓએ વિશેષ હાજરી આપી હતી.

# ટીંબીમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી વેચતો શખ્સ ઝડપાયો

જાફરાબાદ, તા.૦૮

અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા છતાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ કરનારાઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. નાગેશ્રીના ટીંબી ગામમાં જાહેરમાં ચાઈનીઝ દોરી વેચતા એક શખ્સને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે મેઈન રોડ પર ડૉ. ભાલાલા સાહેબના દવાખાના સામે 'લાલુ માંજા' નામની જગ્યાએ એક શખ્સ પ્રતિબંધિત દોરી વેચી રહ્યો હોવાની બાતમી મળી હતી. પોલીસ તપાસ દરમિયાન લાલુ માંજા નામના શખ્સ પાસે 'MONO SKY' બ્રાન્ડની ચાઈનીઝ પ્લાસ્ટિક દોરીના કુલ ૨ ફિરકા મળી આવ્યા હતા. આરોપી આ દોરી જાહેરમાં વેચવા માટે રાખીને બેઠો હતો ત્યારે જ પોલીસે તેને દબોચી લીધો હતો. લાઠીમાં પણ એક ઈસમ ચાઈનીઝ દોરી વેચતા પકડાયો હતો.

# અમરેલીની મહિલા કોલેજોમાં ૩૧ ડિસેમ્બરની ઉજવણી કરાઈ

અમરેલી, તા.૦૮




અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત (અમરેલી) સંચાલિત અમરેલીની વિવિધ મહિલા કોલેજોમાં ૩૧ ડિસેમ્બરની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ચક્કરગઢ રોડ પર આવેલા શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો. તારીખ ૩૧/૧૨/૨૦૨૫ ના રોજ ડી.એચ. કાબરીયા આર્ટ્સ મહિલા કોલેજ, આર. કે. વઘાસીયા કોમર્સ મહિલા કોલેજ અને યુ.બી. ભગત સાયન્સ મહિલા કોલેજ ખાતે ૩૧st ની ઉજવણીના ભાગરૂપે સોન્ગ અને ડાન્સના રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ત્રણેય કોલેજની વિદ્યાર્થિનીઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉજવણી દરમિયાન વિદ્યાર્થિનીઓએ વિવિધ સોન્ગ અને ડાન્સ રજૂ કરી વાતાવરણને જીવંત બનાવ્યું હતું.

# બાબરા શહેરમાંથી વેપારીની બાઈક ચોરાઈ, આરોપી સામે ગુનો નોંધ્યો

બાબરા, તા.૦૮

બાબરા શહેરમાંથી એક વેપારીની બાઈક ચોરાઈ હતી. હિતેશભાઈ ભરતભાઈ દાવડા (ઉ.વ.૨૯) એ જાહેર કર્યા મુજબ, તેમની મોટર સાયકલ હીરો સ્પ્લેન્ડર પ્લસ રજી.નં.GJ-૦૩-MC-૨૪૯૮ જેના ચેસીસ નંબર MBLHAW127M 5G03459 તથા એન્જીન નંબર A11EDM5F50981 રૂ.૪૦,૦૦૦ ની તા.૦૩/૦૧/૨૦૨૬ ના ક.૧૯/૩૦ થી ક.૨૧/૧૫ ના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક મકાન બાબરા સોમનાથ પાર્ક, હીરો શો રૂમની પાછળ, ભાવનગર-રાજકોટ હાઈવે રોડ પાસેથી કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયો હતો. આ બાબતે આરોપી સામે ફરિયાદ નોંધાવી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.જી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ બદલ વેપારીઓ દંડાયા

અમરેલી, તા.૦૮



સાવરકુંડલામાં નગરપાલિકા તંત્ર દ્વારા દુકાનોમાં ચેકિંગ હાથ ધરાતાં અમુક સ્થળેથી પ્રતિબંધિત પ્લાસ્ટિક ઝભલા મળી આવ્યા હતા. તેથી તેને જપ્ત કરવામાં આવ્યા હતા. આ વાતની જાણ વાયુવેગે થતાં વેપારીઓમાં ફફડાટ વ્યાપ્યો હતો. આ ચેકિંગની કામગીરીમાં નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર કેતનભાઈ બી. ચૌહાણ અને નોડલ ઓફિસર નકુલભાઈ એસ. વિઠ્ઠલાણી, સિટી મેનેજર ઉમેશભાઈ બી. કળસળિયા, સર્વેક્ષણ સુપરવાઈઝર મુસ્તાકભાઈ એ. સરવૈયા, વોર્ડ સુપરવાઈઝર અજયભાઈ વી. સવાણી જોડાયા હતા. તેઓ દ્વારા પ્લાસ્ટિક માટે રેડ કરાવવામાં આવેલ જેમાં અલગ અલગ વિસ્તારોમાં જઈ ટોટલ ૧૨ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી ૨૭૦૦/- રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: સાતમ
તા. ૦૯-૦૧-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તર ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

તા.૦૯-૦૧-૨૦૨૬ શુક્રવાર

મેષ: અધિકારીઓના આશીર્વાદથી, આજે તમારી કોઈપણ કિંમતી વસ્તુ અથવા મિલકત મેળવવાની ઇચ્છા પૂર્ણ થશે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે સારો છે અને તમને બીજાઓને મદદ કરવામાં વધુ આનંદ મળે છે. તમારો દિવસ દાન-પુણ્યમાં વિતાવો.

મિથુન: આજે ગ્રહોની શુભ સ્થિતિને કારણે તમને મોટી રકમ મળશે અને બાકી રહેલા કાર્ય પૂર્ણ થશે. પૂર્ણ થયા પછી મનમાં સંતોષ રહેશે.

કર્ક: આજનો દિવસ ખુશીનો છે. તમે તમારા પરિવાર સાથે સારો સમય વિતાવશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો.

સિંહ: આજે તમારી રાશિમાં ગ્રહોની યુતિને કારણે શુભ સંયોગો બની રહ્યા છે. પરિણામે, વૃદ્ધોની સેવા કરીને અને સારા કાર્યોમાં પૈસા ખર્ચ કરીને મનમાં આનંદ થશે.

કન્યા: આજનો દિવસ તમારા માટે સારા પરિણામો આપવાનો છે. નાણાકીય બાજુ મજબૂત રહેશે. અટકેલા કામ પૂર્ણ થશે અને ખ્યાતિમાં વધારો થશે.

તુલા: આજનો દિવસ શુભ છે અને શિક્ષણ અને સ્પર્ધા ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને ખાસ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્રોત બનશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામો આપવાનો છે. તમને રાજકીય ક્ષેત્રમાં તાત્કાલિક સફળતા મળશે અને બાળકો પ્રત્યેની તમારી જવાબદારીઓ પણ પૂર્ણ થશે.

ધન: આજનો દિવસ ખાસ રહેશે અને તમારા લગ્ન જીવનમાં ખુશીઓ વધશે. તમે આજે મુસાફરી કરી શકો છો, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો.

મકર: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરગથ્થુ વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે.

કુંભ: કોઈપણ મિલકત ખરીદતી વખતે કે વેચતી વખતે, તેના તમામ કાનૂની પાસાઓ પર ગંભીરતાથી વિચાર કરો. પાછળથી દગો થઈ શકે છે.

મીન: આજે તમે તમારા દ્વારા આયોજન કરાયેલા કાર્યો પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતાં વધુ સારી રહેશે. વ્યવસાય બદલવાની યોજના છે.

# બાબરામાં સમાજસેવક ગોવાદાદા મારૂની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

બાબરા, તા.૦૮



બાબરા મુકામે સમાજ સેવક અને અઢારેય વર્ણના નિઃસ્વાર્થ સાથી એવા ગોવાદાદા મારૂની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગોવાદાદાએ જીવનભર દલિત સમાજના હક અને હિત માટે સહકારી ક્ષેત્રે કામગીરી કરી હતી અને પોતે સંત ન હોવા છતાં સંત જેવું જીવન જીવ્યા હતા. આ મહોત્સવ અંતર્ગત ગોવાદાદાની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા ઉપરાંત શિવલિંગ સ્થાપન, માઁ જોગમાયાની સ્થાપના, જ્યોતિપાટ, મહાઆરતી, ધર્મસભા અને મહાપ્રસાદનું આયોજન થયું હતું. નિવાસસ્થાનેથી સંતોના સામૈયા કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જગદગુરુ ગર્ગાચાર્ય પીઠાધીશ્વર મહામંડલેશ્વર મહેન્દ્રાનંદગીરી મહારાજ (પંચદશનામ જુના અખાડા), શામળદાસ બાપુ, ગોવિંદગીરી બાપુ, રાજેન્દ્ર બાપુ, કલ્યાણદાસ બાપુ, મહાવીર બાપુ, રૂદ્ર ભારતી સહિતના સંતો-મહંતોએ હાજરી આપી આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, બાવકુભાઈ ઉંધાડ, જેનીબેન ઠુંમર, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

# ખાંભા તાલુકાના ભાવરડી ગામેથી યુવતી લાપતા બની

**યુવતી પરત ન આવતા ખાંભા પોલીસને જાણ કરવામાં આવી**

ખાંભા, તા.૦૮

ખાંભા તાલુકાના ભાવરડી ગામેથી એક યુવતી લાપતા બની હતી. યુવતી પાછી ન ફરતા ગભરૂભાઈ સોમાતભાઈ ફગા (ઉ.વ.૬૨)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી દયાબેન તા.૩૦/૧૨/૨૦૨૫ ના મોડી રાત્રીના આશરે બારેક વાગ્યાથી તા.૩૧/૧૨/૨૦૨૫ ના વહેલી સવારના આશરે છ વાગ્યાના સમય દરમ્યાન ભાવરડી ગામેથી કોઈને કહ્યા વગર કયાંક જતી રહી હતી. જે આજદીન સુધી પરત ફરી નથી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એમ. ગમારા વધુ તપાસ હાથ ધરી છે.


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૮૩/૨૫ તા.૩૦/૧૨/૨૦૨૫

**વિવાદી :- શ્રી જસાણી નાગજીભાઈ મોહનભાઈ**
**રહે.ભાલવાવ, તા.લાઠી, જી.અમરેલી, મો.૭૦૧૬૬૩૭૬૨૮**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી કે.એમ.વાળા અમરેલી**

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત મુ.ભાલવાવ, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ભાલવાવ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રીનો જસાણી ભુમિકાબહેન નાગજીભાઈનો જન્મ તા.૦૫/૦૧/૧૯૯૩ ના રોજ ભાલવાવ, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૯/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## -//મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૨૦/૨૦૨૫ તા.૦૩/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. બળદાણીયા જાદવભાઈ રણછોડભાઈ
રહે. દોલતી તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી દોલતી તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર બળદાણીયા જસુભાઈ જાદવભાઈનો જન્મ તા.૧૬/૦૬/૧૯૭૬ ના રોજ મુ. દોલતી તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## -//મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૧૩૫/૨૦૨૫

અરજદારશ્રી:- પોપટભાઈ હમીરભાઈ જાદવ
રે.ચરખડીયા તા. સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તકમશ્રી ચરખડીયા તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતાશ્રી માલુબેન હમીરભાઈ જાદવનું મરણ તા.૧૫/૦૩/૧૯૮૪ ના રોજ મુ.ચરખડીયા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૩/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

મગફળી ખરીદી કેન્દ્રમાં સંપૂર્ણ પારદર્શિતા હોવાનો ખેડૂતોનો મત

# બગસરામાં ટેકાના ભાવે થતી મગફળીમાં ખેડૂતોએ વિશ્વાસ વ્યકત કર્યો

અમરેલી,તા.૦૮

બગસરામાં ખેડૂત વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળીને ટેકાના ભાવે મગફળી ખરીદી કરવા માટેનું કેન્દ્ર ગુજકોમાસોલ દ્વારા આપવામાં આવેલ છે. આ ખરીદી કેન્દ્ર પર રોજના ૧૦૦ થી પણ વધુ ખેડૂતો પોતાની મગફળી લઈને ટેકાના ભાવે વેચાણ માટે આવે છે. જે અંગે ખરીદીમાં વધારે વજન અને રોકડ રકમ લેવાતી હોવાનો વિડીયો વાયરલ થયો હતો.





મગફળીમાં થતા કૌભાંડ બાબતે ખેડૂતોને પુછતા તેમણે પણ ટેકાના ભાવે ખરીદાતી મગફળી કેન્દ્રમાં વિશ્વાસ વ્યકત કર્યો હતો અને કોઈ કૌભાંડ ન હોવાનું જણાવ્યું હતું. આ બાબતે જયાં ટેકાના ભાવે મગફળી ખરીદવામાં આવી રહી છે ત્યાં સંજોગ ન્યૂઝની ટીમ સ્થળ પર પહોંચી હતી અને ખેડૂતો પાસેથી તથ્ય જાણવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં ખરીદી કેન્દ્રમાં આવેલા ખેડૂતોએ કેન્દ્રમાં સપૂર્ણ પારદર્શિતા હોવાનુ જણાવ્યું હતું.

આમ, બગસરામાં ચાલી રહેલી ટેકાના ભાવે થતી મગફળીની ખરીદીમાં ખેડૂતોએ વિશ્વાસ વ્યકત કરી સારી વ્યવસ્થા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## મગફળી કેન્દ્રની વ્યવસ્થાથી ખુશ : સુરેશભાઈ રાદડીયા



આ અંગે જુના વાઘણીયાથી મગફળી વેચવા આવેલા ખેડૂત સુરેશભાઈ રાદડીયાએ જણાવ્યું હતું કે, દર વર્ષે ટેકાના ભાવે મગફળી વેચવા આવે છે. પરંતુ આ વખતે મગફળી કેન્દ્ર પર ખુબ જ સારી વ્યવસ્થા છે. બગસરા તાલુકા વિવિધ સેવા સહકારી મંડળીના સંચાલક ભાવનાબેન સતાસીયાએ મગફળી કેન્દ્રની ખુબ જ સારી વ્યવસ્થા કરેલી છે. ખાસ કરીને વેચાણ કેન્દ્ર પર રજીસ્ટ્રેશનથી લઈ તોલ સુધી ખેડૂતોને હેરાન થવુ પડતું નથી.

## તોલમાં લેવામાં આવતી મગફળીથી સંતોષ : પરેશભાઈ વેકરીયા



ઘંટીયાણ ગામના ખેડૂત પરેશભાઈ વેકરીયા જણાવે છે કે અગાઉના સમયમાં ટેકાના ભાવે માલ વેચવા આવતા હતા અને હાલમાં આવીએ છીએ ત્યારે હાલમાં ખુબ જ સારી વ્યવસ્થા છે. મગફળી ખરીદી કેન્દ્ર પર ૩૫.૮૦૦ કિલોગ્રામ મગફળી એક ગુણીમાં લેવામાં આવે છે. જેમાં તેણે સંતોષ વ્યકત કર્યો છે. મગફળી કેન્દ્રની વ્યવસ્થા પણ ખુબ સારી છે. ખેડૂતોને હેરાન થવુ પડતું નથી.

## સરકારના પરિપત્ર મુજબ મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે : ભાવનાબેન સતાસીયા



સેવા સહકારી મંડળીના ચેરમેન ભાવનાબેન સતાસીયાને આ બાબતે પુછતા તેમણ જણાવેલ કે, સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેથી બગસરામાં પણ ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે. આ ખરીદી ખુબ જ સારી વ્યવસ્થા સાથે સરકારના પરિપત્ર મુજબ જ મગફળીની ખરીદી કરવામાં આવે છે. જો મગફળી ખરાબ હોય તો નિયમ મુજબ તેની ખરીદી કરવામાં આવતી નથી. ખરાબ મગફળી ન ખરીદવામાં આવી હોવાથી અમુક ખેડૂતોને ખરાબ લાગ્યુ હશે પરંતુ અમારી મંડળી ખેડૂતોના હિતમાં જ કાર્ય કરે છે અને ખેડૂતોને કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તે માટે ખાસ કાળજી લેવામાં આવે છે.

સમગ્ર તાલુકામાંથી મોટી સંખ્યામાં કોળી સમાજ એકત્ર થયો

# બગદાણામાં કોળી યુવાન પર થયેલા હુમલાના વિરોધમાં ધારીમાં કોળી સમાજે આવેદન પાઠવ્યું

ધારી,તા.૦૮

ધારી તાલુકાના સમસ્ત કોળી સમાજ દ્વારા આજે ધારી મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. થોડા દિવસો પહેલા બગદાણા પાસે કોળી સમાજના યુવાન નવનીતભાઈ બાળધિયા ઉપર થયેલા જીવલેણ હુમલાના ઘેરા પ્રત્યાઘાત રાજ્યભરમાં પડ્યા છે. આજે ધારી તાલુકા કોળી સમાજે આ હુમલાના



તસવીર : સંજય વાળા

આરોપીઓ સામે સખતમાં સખત કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરી હતી. આ આવેદનપત્ર આપવા માટે ધારી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી ખૂબ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા, આ બનાવમાં ન્યાય મળે તે માટે સમાજમાં ઉગ્ર માંગ ઉઠી છે.

# અમરેલીમાં આજે ભવ્ય શાકોત્સવનું આયોજન

અમરેલી,તા.૦૮

અમરેલીમાં આવેલા ખોડલધામ પાર્ટી પ્લોટ ભોજલીયા હનુમાન પાસે ચક્કરગઢ રોડ ખાતે શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. જુનાગઢવાસી રાધરમણ દેવના તાબાના અમરેલી, મોટા ગોખરવાળા, મોટા આકડીયા, દેશ સત્સંગ દ્વારા આમંત્રણ પાઠવામાં આવ્યુ છે. આ ઉત્સવના સહયજમાન બળવંતરાય રતીલાલ ધોળકીયા, નિલકંઠ જવેલર્સ પરિવાર સહિતના રહ્યા છે. તેમજ સંતોની રસોઈના યજમાન તરીકે કાંતિભાઈ વેકરીયા દેવરાજીયાવાળા હસ્તે કૌશિકભાઈ વેકરીયા (રાજયમંત્રી) તેમજ અગ્રણી ઉદ્યોગપતિ કાળુભાઈ ભંડેરી હસ્તે ભાર્ગવભાઈ રહ્યા છે. આજે તા.૦૯ને શુક્રવારના રોજ સવારનાં ૮થી ૧૨:૩૦ સુધી સત્સંગ સભા અને ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. આ શાકોત્સવ અને સત્સંગ સભાનો લાભ લેવા લક્ષ્મીનારાયણ દેવયુવક મંડળ પ.પૂ. બાલકૃષ્ણ સ્વામી તથા સ્વામી મહિલામંદિર પાણી દરવાજા અમરેલી તરફથી હરિભક્તોને નિમંત્રણ પાઠવામાં આવ્યું છે.

## પ્રદેશ ભાજપ કિસાન મોરચાના પ્રમુખ સંજોગ ન્યૂઝની મુલાકાતે



પ્રદેશ ભાજપ કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હિરપરા અમરેલી ખાતે 'સંજોગ ન્યૂઝ'ની મુલાકાતે આવ્યા હતા. પ્રદેશ ભાજપ કિસાન મોરચાના પ્રમુખની સાથે તાલુકા પંચાયતના પ્રમુખ વિરેન્દ્રભાઈ ખાચર, પૂર્વ મહામંત્રી બરવાળા તાલુકા ભાજપ મહામંત્રી વિજયભાઈ ખાચર, માર્કેટીંગ યાર્ડ બરવાળાના પ્રમુખ ભાવિનભાઈ ખાચર, રિતેશભાઈ સોની અને ભરતભાઈ વેકરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં રવિવારે નિલકંઠ જ્વેલર્સ દ્વારા લક્કી ડ્રોનું આયોજન

અમરેલી,તા.૦૮

અમરેલીમાં આવેલા પ્રખ્યાત નિલકંઠ જવેલર્સ દ્વારા ઈનામી ડ્રોનું આયોજન કરવામાં આવનાર છે. નિલકંઠ જવેલર્સના ગ્રાહકમિત્રોને જવેલર્સ તરફથી ઈનામોની વણઝાર આપવામાં આવશે. તા.૧૧ને રવિવારના રોજ સવારે ૮:૦૦ કલાકથી કડવા પટેલ સમાજની વાડી, હનુમાનપરા અમરેલી ખાતે આ ડ્રોનું આયોજન કરવામાં આવ્યું છે. જવેલર્સ દ્વારા રૂ.૧૦,૦૦૦થી વધુના દાગીનાની ખરીદી પર ઈનામો જીતવાની તક આપવામાં આવે છે. તેથી જે ગ્રાહકમિત્રો ઈનામી ડ્રોનાં હકદાર હોય તેઓએ આ કાર્યક્રમમાં ખાસ હાજર રહેવું. ડ્રો પૂર્ણ થયા બાદ ભોજન સાથે લેવામાં આવશે તેમ નિલકંઠ જલેવર્સની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અમરેલીમાં શનિવારે બહેરા-મૂંગા શાળા ખાતે ઈનોવેટીવ ફેર ૨૫-૨૬ યોજાશે

અમરેલી, તા.૦૮

અમરેલીની બહેરા-મૂંગા શાળાને ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ૧૦ જાન્યુઆરીના રોજ સવારના ૧૦થી સાંજના ૭ વાગ્યા સુધી 'રજતજયંતી મહોત્સવ' અંતર્ગત સંસ્થાના બાળકોએ બનાવેલ અવનવા મોડેલોનું એક જાહેર પ્રદર્શન આયોજીત કર્યું છે. આ અવસરે દિવ્યાંગોમાં રહેલી સર્જનશક્તિને નિહાળવા અને તેમના પરિશ્રમને પ્રોત્સાહિત કરવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વન્ય પ્રાણીઓ દ્વારા પશુઓના મારણના કિસ્સામાં વળતરમાં વધારો કરવાની માંગ સાથે

# લીલીયા તાલુકા માલધારી સંગઠન દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવાયું



અમરેલી,તા.૦૮

લીલીયા તાલુકા માલધારી સંગઠન દ્વારા વિવિધ માંગણીઓ સાથે ગુરુવારે લીલીયા મામલતદાર કચેરી તથા પાલીતાણા વન્ય પ્રાણી ડિવિઝનની લીલીયા રેન્જ કચેરી ખાતે આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. માલધારીઓએ રજૂઆતમાં સિંહ, દીપડો સહિતના વન્ય પ્રાણીઓ દ્વારા પશુઓના મારણના કિસ્સામાં પૂરતું અને સમયસર વળતર ચૂકવવાની માંગ કરી હતી. સાથે જ તાલુકાના વિવિધ ગામોમાં ગૌચર જમીનમાં થયેલા દબાણ દૂર કરવા તેમજ ગૌચરની જમીનમાંથી થતી માટીચોરી બંધ કરાવી ભૂમાફિયાઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. માલધારી આગેવાનો દ્વારા સરકારને વળતરની રકમમાં વધારો કરવાની માંગ કરાઈ હતી. આ અંગે વન વિભાગના અધિકારી આર.એફ.ઓ બી.જી. ગલાણીએ જણાવ્યું હતું કે પશુના મારણની જાણ થતા તાત્કાલિક કાર્યવાહી કરી સરકારના નિયમો મુજબ પૂરતું વળતર આપવામાં આવે છે.

## અવસાન નોંધ

**બાબરા**

મંજુલાબેન લક્ષ્મીદાસ પલાણ (ઉ.વ.૮૫) તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે લક્ષ્મીદાસ હંસરાજભાઈ પલાણના ધર્મપત્ની અને હકાભાઇ, મુનાભાઇ, બાલાભાઇ, બાવરી નોવેલ્ટી વાળાના માતૃશ્રી થાય છે. તેમનુ ઉઠમણું તથા પિયર પક્ષની સાદડી તા.૧૦/૦૧/૨૦૨૬ને શનિવારના રોજ સાંજે ૪થી ૫ કલાકે બાબરા લોહાણા મહાજન વાડી બુધવારી બજાર પાસે રાખેલ છે.


**મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૪૮/૨૦૨૫

શ્રી હિતેષકુમાર મગનલાલ મકાણી
રહે. ૭૦૭, ૭મો માળ, શીગાણી હાઈટસ, રૂપનગરની બાજુમાં ગૌશાળા શર્કલ, સુરત
હાલ રહે.મુ.હનુમાન ખીજડીયા, તા.વડીયા જી.અમરેલી ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - છોડવડી
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી હિતેષકુમાર મગનલાલ મકાણીનો જન્મ તા.૧૭/૦૬/૧૯૮૦ના રોજ ગામ/મોજેઃ છોડવડી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - છોડવડી, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩૧ મી માહે : ડીસેમ્બર સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.258/2025

પ્રતિ,
હુસેનભાઈ દાઉદભાઈ દયાતર,
રહે.ઘાંચી વિસ્તાર, ગામ-છાછર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત છાછર, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના છાછર ગામના રહીશ હુસેનભાઈ દાઉદભાઈ દયાતર તથા જુબેદાબેન હુસેનભાઈ દયાતરના પુત્ર સલીમભાઈ હુસેનભાઈ દયાતરનો જન્મ તારીખ **01/07/1991** ના રોજ કોડીનાર તાલુકાના છાછર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત છાછર, તાલુકો કોડીનાર સને.**1991** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૪૫/૨૦૨૫

શ્રી ગૌતમભાઈ પોપટભાઈ શેલડીયા
રહે. બરવાળા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - બરવાળા
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શ્રી ગૌતમભાઈ પોપટભાઈ શેલડીયાનો જન્મ તા.૩૧/૦૫/૧૯૭૦ના રોજ ગામ/મોજેઃ બરવાળા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - બરવાળા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૩ મી માહે : ડીસેમ્બર સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

**મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૫૦/૨૦૨૫

શ્રી કિશોરભાઈ ભુપતભાઈ માથાસુરીયા
મું. મોરવાડા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ગોરવીયાળી
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કિશોરભાઈ ભુપતભાઈ માથાસુરીયા દ્વારા તેમના પુત્રશ્રી ક્રિષ્ના કિશોરભાઈ માણાસુરીયાનો જન્મ તા.૦૨/૦૪/૨૦૧૮ના રોજ ગામ/મોજેઃ ગોરવીયાળી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - ગોરવીયાળી, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩૧ મી માહે : ડીસેમ્બર સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૦૧/૨૦૨૬ તા.૦૮/૦૧/૨૦૨૬

શ્રી રેણુકાબેન મથુરભાઈ ગઢીયા, વા.ઓ. વજુભાઈ સવજીભાઈ સાંગાણી
રહે. અમદાવાદ, ઠે.૪ શ્રીનાથ પાર્ક ૩,
ટોરેન્ટ પાવરની સામે, નિકોલ, અમદાવાદ ........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, વાજડી તા.વિસાવદર, જી.જુનાગઢ ........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી રેણુકાબેન મથુરભાઈ ગઢીયા, વા.ઓ. વજુભાઈ સવજીભાઈ સાંગાણી રહે. અમદાવાદ એ તેમનો જન્મ તા.૨૩/૦૯/૧૯૬૯ ના રોજ વિસાવદર તાલુકાના વાજડી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વાજડી, તા. વિસાવદર, જી.જુનાગઢ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વાજડી, તા.વિસાવદર, જી.જુનાગઢ ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૮ મી જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

**મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૫૨/૨૦૨૫

શ્રી સંજયભાઈ હરીભાઈ કથીરીયા
રહે. છોડવડી, તા.ભેંસાણ, જી.જુનાગઢ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - છોડવડી
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શ્રી સંજયભાઈ હરીભાઈ કથીરીયાનો જન્મ તા.૧૫/૧૧/૧૯૮૩ના રોજ ગામ/મોજેઃ છોડવડી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - છોડવડી, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩૧ મી માહે : ડીસેમ્બર સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

# અમરેલીમાં "સ્પેસ ઓન વ્હીલ્સ"ની પ્રદર્શન બસનો ઈફ્કોના ચેરમેન દિલીપ સંઘાણીનાં હસ્તે પ્રારંભ






અમરેલી, તા.૦૮

વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને અંતરિક્ષની અદ્ભુત દુનિયાને નજીકથી નિહાળી શકે અને અવકાશમાં ભારતની જે પ્રગતિ થયેલ છે તે નિહાળી અને સમજી શકે તે માટે ISRO, વિજ્ઞાન ગુર્જરી, ચિલ્ડ્રન યુનિવર્સિટી આયોજિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમરેલી સંચાલિત "સ્પેસ ઓન વ્હીલ્સ"ની પ્રદર્શન બસના પ્રારંભનું આયોજન થયું. ઈફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના હસ્તે પ્રારંભ કરાયો હતો. જેમાં અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતીભાઈ પાનસુરીયા, જિલ્લા સહકારી સંઘના ચેરમેન મનિષભાઈ સંઘાણી, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ પંકજભાઈ મહેતા, વિજ્ઞાન ગુર્જરીના પ્રોફેસર યતીનભાઈ તેરૈયા, ISROનાં જગદેવભાઈ ઠાકોર, મયંતાબેન રામી, ભાવેશભાઈ સોલંકી, મહેશભાઈ દેસાઈ, જયસુખભાઈ વેગડા, ચિલ્ડ્રન યુનિવર્સિટીના હર્ષભાઈ, TPEO શરદભાઈ શ્રીમાળી ઉપસ્થિત રહ્યા હતા. ગણિત-વિજ્ઞાનનાં શિક્ષક વિજય મયાત્રા, નયના મહેતા, ધારા ગોસ્વામી, જીનલ રૂપારેલે તમામ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ. અમરેલીના ૧૭૦૦ બાળકોએ આ પ્રદર્શનનો લાભ લઈ અને અવકાશમાં ભારતની હરણફાળનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું હતું. અને આ કાર્યક્રમને સફળ બનાવવા શિક્ષણ સમિતિના ચેરમેન તુષાર જોષી, વાઈસ ચેરમેન દામજી ગોલ, શાસનાધિકારી આશિષ જોષી, રજની સોલંકી, સમિર પંડ્યા, પ્રકાશભાઈ, ભાવેશ વાળોદરા સહિતે જહેમત ઉઠાવી હતી, એમ સમિતિનાં સંદીપ વામજાની યાદી જણાવે છે.

# જાફરાબાદના હેમાળ ગામે સિંહણને અડફેટે લેનાર અમદાવાદના આરોપીના જામીન નામંજૂર

જાફરાબાદ, તા.૦૮

જાફરાબાદ વન્યજીવ રેન્જના કાર્યક્ષેત્ર હેઠળ ટીંબી રાઉન્ડની હેમાળ બીટમાં આવેલા હેમાળ ગામે રાજુલા-ઉના નેશનલ હાઈ-વે પર તા.૦૪/૦૧/૨૦૨૫ રાત્રે અમદાવાદના રહેવાસી રવિભાઈ કનુભાઈ ભરવાડ, ઉ.વ-૨૩ દ્વારા ત્રણેક વર્ષની સિંહણને સ્વીફટ મોટર



GJ-૨૭-AP-૭૭૯૮ને પુરપાટ ઝડપે ચલાવીને અડફેટે લઈ ગુનો આચરેલ હતો અને પછી આરોપી ફરાર થઈ ગયેલ, જે અંગે તપાસ કરીને આરોપીને અમદાવાદ ખાતેથી ઝડપી પાડેલ. આરોપી સામે કાયદા મુજબ ગુનો નોંધીને જાફરાબાદની મે. જ્યુડીશયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટક્લાસની કોર્ટમાં રજૂ કરેલ. કોર્ટે આરોપીના જામીન નામંજૂર કરતા તેને જિલ્લા જેલ હવાલે કરવામાં આવેલ હતો.

# સોમનાથ મંદિરના પુનર્નિર્માણમાં સરદાર પટેલ, કે.એમ. મુનશી સહિતના મહાનુભાવોનું યોગદાન : પીએમ મોદી

નવીદિલ્હી,તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિર સાથે સંકળાયેલી ઐતિહાસિક ક્ષણોને યાદ કરી હતી. તેમણે કહ્યું કે ૧૯૫૧માં જીર્ણોદ્ધાર પામેલા મંદિરના ઉદ્ઘાટનની ૫૦મી વર્ષગાંઠની ઉજવણી માટે ૩૧ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ સોમનાથમાં આયોજિત કાર્યક્રમમાં તેમણે ભાગ લીધો હતો. પ્રધાનમંત્રીએ યાદ કર્યું કે ૧૯૫૧માં ઐતિહાસિક સમારોહ તત્કાલીન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદની હાજરીમાં યોજાયો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે સોમનાથ મંદિરના પુનર્નિર્માણમાં સરદાર પટેલ અને કે.એમ. મુનશી સહિત અનેક મહાનુભાવોનું યોગદાન નોંધપાત્ર હતું. તેમણે એ પણ યાદ કર્યું કે ૨૦૦૧ના કાર્યક્રમમાં તત્કાલીન પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી, ગૃહમંત્રી અડવાણી અને અન્ય ઘણા



મહાનુભાવોએ હાજરી આપી હતી. પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર લખ્યું, "જય સોમનાથ! સોમનાથ સ્વાભિમાન પર્વ આજથી શરૂ થાય છે." સોમનાથ પર પહેલો હુમલો જાન્યુઆરી ૧૦૨૬માં થયો હતો, પરંતુ ૧૦૨૬નો હુમલો અને ત્યારબાદના હુમલાઓ પણ લાખો લોકોની શ્રદ્ધા અને સોમનાથને વારંવાર ઉજાગર કરતી સભ્યતાની ચેતનાને તોડી શક્યા નહીં. મોદીએ કહ્યું કે ૨૦૨૬નું વર્ષ ૧૯૫૧માં થયેલ ભવ્ય ઉજવણીની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી પણ કરશે.

# કેન્દ્ર સરકારે ભારતની આગામી વસ્તી ગણતરી કાર્યક્રમ જાહેર કર્યો : તા. ૧ એપ્રિલથી શરૂ થશે

નવીદિલ્હી,તા.૮

કેન્દ્ર સરકારે ભારતની આગામી વસ્તી ગણતરી (જનગણના ૨૦૨૭) માટે ઔપચારિક સમયપત્રકની જાહેરાત કરી છે. ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન મુજબ, આ ઝુંબેશનો પ્રથમ તબક્કો ૧ એપ્રિલ, ૨૦૨૬ થી શરૂ થશે અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. આ કાર્ય ભારતના તમામ



રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ત્રીસ દિવસના સમયગાળામાં પૂર્ણ થશે. આ દેશની પહેલી વસ્તી ગણતરી હશે જ્યાં કાગળને બદલે ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરવામાં આવશે. બીજો તબક્કો વસ્તી ગણતરી હશે, જેમાં વ્યક્તિઓની ગણતરી કરવામાં આવશે. બીજો તબક્કો ફેબ્રુઆરી ૨૦૨૭ માં હાથ ધરવામાં આવશે. જો કે, દૂરના અને બરફથી ઢંકાયેલા વિસ્તારો (લદ્દાખ, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ) માં, આ પ્રક્રિયા સપ્ટેમ્બર ૨૦૨૬ માં પૂર્ણ થશે.

## દાહોદમાં દારૂની રેઈડ સમયે પોલીસકર્મી પર કુહાડીનો ઘા ઝીંકી બુટલેગર ફરાર

દાહોદ,તા.૮

ગુજરાતમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ખાખી પર હુમલાઓની ઘટના વધી છે, ત્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા કરતો આવો જ એક ચોંકાવનારો કિસ્સો હાલ દાહોદ જિલ્લામાંથી સામે આવ્યો છે. દાહોદના રળીયાતી ગામે દારૂની રેડ પાડવા ગયેલી રૂરલ પોલીસ ટીમ પર એક બુટલેગરે ઉશ્કેરાઈને કુહાડીથી હિંસક હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં એક પોલીસ જવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મળતી માહિતી મુજબ, દાહોદ રૂરલ પોલીસને બાતમી મળી હતી કે, રળીયાતી ગામે એક બુટલેગરના ઘરે વિદેશી દારૂનો જથ્થો ઉતારવામાં આવ્યો છે. આ બાતમીના આધારે પોલીસ ટીમ જ્યારે આરોપીના ઘરે રેડ કરવા પહોંચી હતી, ત્યારે બુટલેગરે પોલીસને જોઈને પિત્તો ગુમાવ્યો હતો અને ધરપકડ થવાના ડરથી આ બુટલેગરે ઘરમાં રહેલી કુહાડી વડે પોલીસ કર્મચારી પર હુમલો કરી દીધો હતો.

# ભાજપમાં રાષ્ટ્રીય સ્તરે સંગઠનમાં ધરમૂળથી ફેરફાર થાય તેવી સંભાવના

નવીદિલ્હી,તા.૮

ભાજપમાં 'નબીન પ્રયોગ' બાદ નવા વર્ષના પ્રથમ મહિનામાં મોટા પરિવર્તનની તૈયારી ચાલી રહી છે. હાં, આવનારા કેટલાક દિવસોમાં ભાજપ રાષ્ટ્રીય સ્તર પર પોતાના સંગઠમાં ધરમૂળથી ફેરફારની તૈયારીમાં છે. તેની શરૂઆત નવનિર્વાચિત ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ નીતિન નબીન




(૪૫) ને ઔપચારિક રૂપથી પાર્ટી પ્રમુખ ચૂંટવાથી થઈ શકે છે અને આ બધુ જાન્યુઆરીના મધ્યમાં થવાની સંભાવના છે. રિપોર્ટ પ્રમાણે ભાજપના સૌથી મોટા સંગઠનાત્મક પદ પર બિરાજમાન થનાર સૌથી યુવા નેતા નબીન હવે ઔપચારિક રૂપથી જેપી નડ્ડાની જગ્યા લઈ શકે છે. નડ્ડા જાન્યુઆરી ૨૦૨૦થી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની જવાબદારી સંભાળી રહ્યા છે. નબીન પાંચ વખત બિહારના ધારાસભ્ય અને મંત્રી રહી ચૂક્યા છે.

# રાજસ્થાનમાં મધ્યાહન ભોજન યોજનામાં રૂ. ૨,૦૦૦ કરોડનું કૌભાંડ સામે આવતા એસીબીએ ૨૧ લોકો સામે કેસ દાખલ કર્યો

જયપુર,તા.૮

રાજસ્થાનમાં મધ્યાહન ભોજન યોજનામાં ૨,૦૦૦ કરોડથી વધુનું કૌભાંડ બહાર આવ્યું છે. આ પછી, સીઓએનએફઈડી અને ખાનગી કંપનીઓના ૨૧ નામાંકિત આરોપીઓ સામે એસીબી કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ કેસ રાજસ્થાન સરકારની રાજ્ય મધ્યાહન ભોજન યોજના સાથે સંબંધિત છે, જે કોવિડ-૧૯ રોગચાળાને કારણે શાળાઓ બંધ હોવા દરમિયાન ચલાવવામાં આવી હતી. યોજના હેઠળ, શાળાના વિદ્યાર્થીઓને અનાજ પૂરું પાડવા



માટે સીઓએનએફઈડી દ્વારા કઠોળ, તેલ, મસાલા અને અન્ય વસ્તુઓ ધરાવતા કોમ્બો પેક પૂરા પાડવામાં આવ્યા હતા. ઘટકો એજીએમએઆરકે અને એફએસએસએઆઈ (FSSAI) ધોરણોનું પાલન કરતા હોવાનું જણાવવામાં આવ્યું હતું. તેમને સરકારી શાળાઓમાં પણ વેંચવામાં આવવાના હતા, પરંતુ આ યોજનાના અમલીકરણમાં નોંધપાત્ર ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર થયો. હવે, ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ કેસ દાખલ કર્યો છે. તપાસમાં જાણવા મળ્યું કે મધ્યાહન ભોજન યોજના અને સીઓએનએફઈડી સાથે સંકળાયેલા અધિકારીઓએ નિયમોમાં ફેરફાર કરવાનું કાવતરું ઘડ્યું હતું.

# પંજાબના ફિરોઝપુરમાં એક જ પરિવારના ચાર સભ્યોને ગોળી મારી મોતને ઘાટ ઉતારવામાં આવ્યા

ફિરોઝપુર,તા.૮

પંજાબના ફિરોઝપુરથી એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. એક જ પરિવારના ચાર સભ્યોની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. મૃતકોમાં પતિ, પત્ની અને તેમની બે સગીર પુત્રીઓનો સમાવેશ થાય છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે. પરિવારના સભ્યો દુઃખી છે. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. આ ઘટના ફિરોઝપુરના ડેરા બાબા રામ લાલ નજીક હરમન નગર કોલોનીમાં બની હતી. અમન સિંહ (કેટલાક પોલીસ રેકોર્ડમાં અમનદીપ તરીકે ઓળખાય છે) તેની પત્ની



જસવીર કૌર અને બે પુત્રીઓ, ૧૦ વર્ષની મનવીર કૌર અને ૬ વર્ષની પ્રણીત કૌર સાથે ત્યાં રહેતા હતા. અમન સિંહ સલૂન અને ફાઈનાન્સ સાથે સંકળાયેલા હતા. સવારે જ્યારે ઘરની નોકરાણી રાબેતા મુજબ કામ પર પહોંચી ત્યારે ઘટના પ્રકાશમાં આવી. લાંબા સમય સુધી દરવાજો ખખડાવવા છતાં કોઈએ જવાબ ન આપ્યો, ત્યારે તેણીને શંકા ગઈ. ત્યારબાદ પડોશીઓને બોલાવવામાં આવ્યા, અને ઉપરના માળે રહેતા ભાડૂઆતોની મદદથી, પરિવારના સંબંધીઓને જાણ કરવામાં આવી. જ્યારે દરવાજો ખોલવામાં આવ્યો ત્યારે અંદરનું દ્રશ્ય ભયાનક હતું. પતિ, પત્ની અને તેમની બે પુત્રીઓના મૃતદેહ ઘરની અંદર પડેલા હતા, બધાને ગોળીના ઘા વાગેલ હતા.

## બોલીવુડ અભિનેતા અભિમન્યુ સિંહના મુંબઈ સ્થિત ઘરેથી કરોડો રૂપિયાની ચોરી થતા પોલીસે તપાસ શરૂ કરી

મુંબઈ,તા.૮

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈથી મોટા સમાચાર આવી રહ્યા છે. પ્રખ્યાત બોલીવુડ અભિનેતા અભિમન્યુ સિંહના ઘરે એક મોટી ચોરી થઈ છે. અહેવાલો અનુસાર, અભિમન્યુ સિંહના ઘરની તિજોરીમાંથી સોનું, ચાંદી, હીરાના દાગીના અને કરોડો રૂપિયાની રોકડ ગાયબ થઈ ગઈ છે. સમાચાર મળતાં જ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને આ કેસના સંદર્ભમાં એક સીરીયલ ચોરની ધરપકડ કરી છે. અહેવાલો અનુસાર, ૨૯ અને ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ ની રાત્રે લોખંડવાલા વિસ્તારમાં અભિનેતા અભિમન્યુ સિંહના ઘરે ચોરી થઈ હતી. મુંબઈ પોલીસે અભિનેતાના ઘરમાંથી કરોડો રૂપિયાની ચોરીનો કેસ ઉકેલી લીધો છે. પોલીસે આ કેસમાં એક સીરીયલ ચોરની ધરપકડ કરી છે અને ચોરાયેલી મોટાભાગની કિંમતી વસ્તુઓ જપ્ત કરી છે. અહેવાલો અનુસાર, આરોપી ચોર બાથરૂમની બારીમાંથી અભિનેતા અભિમન્યુ સિંહના ઘરમાં પ્રવેશ્યો હતો. ઘરમાં ઘૂસ્યા બાદ, ચોરે તિજોરીને નિશાન બનાવી અને સોના-ચાંદીના દાગીના, હીરાના દાગીના અને રોકડ રકમની ચોરી કરી હતી.

# વિંછીયાના ઓરી ગામે પવનચક્કીની માથાકૂટમાં બે પક્ષો વચ્ચે ફાયરિંગ

જસદણ,તા.૦૮

વિંછીયા તાલુકાના ઓરી ગામે પવનચક્કીના વ્યવહારને લઈને બે જૂથો વચ્ચે તંગદિલી સર્જાઈ હતી. આ તંગદિલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં સામસામે ફાયરિંગની ગંભીર ઘટના બની હતી, જેમાં ચારથી વધુ રાઉન્ડ ફાયર થયા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ વિંછીયા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. આ મામલે વિંછીયા પોલીસ સ્ટેશનમાં બંને પક્ષ તરફથી



અલગ-અલગ બે ફરિયાદો નોંધાઈ છે. આ ફાયરિંગની ઘટના તારીખ ૬ જાન્યુઆરી ૨૦૨૬ ના રાત્રે ઘટના બની હતી. આ સમગ્ર મામલે પોલીસે કુલ નવ શખ્સો સામે આર્મ્સ એક્ટ, હત્યાના પ્રયાસ અને રાયોટિંગ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. નોંધાયેલી ફરિયાદ મુજબ, કુલદીપ ખાચર, પ્રતાપ ખાચર અને લઘુ ધાધલ દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હોવાના આરોપો છે. રાજકોટ ગ્રામ્ય પોલીસે ઝડપી કાર્યવાહી કરતા પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે હથિયારો કબજે કરવાની કાર્યવાહી પણ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે પવનચક્કીના ધંધાને લઈને લાંબા સમયથી ચાલી રહેલી માથાકૂટ આ અથડામણમાં પરિણમી હતી. પોલીસે આ ઘટના અંગે વધુ તપાસ શરૂ કરી છે.


**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૦૫/૨૦૨૬ — તા.૦૮/૦૧/૨૦૨૬

ધોસીયા બટુકભાઈ પાલાભાઈ
રહે. પિયાવા ગીર, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, પિયાવા ગીર તા.વિસાવદર, જી.જુનાગઢ ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી ધોસીયા બટુકભાઈ પાલાભાઈ રહે. પિયાવા ગીર, તા. વિસાવદર, જી. જુનાગઢ એ તેમના પુત્ર શ્રી રાહુલકુમાર બટુકભાઈ ધોસીયાની જન્મ તા.૦૧/૦૬/૨૦૦૪ ના રોજ વિસાવદર તાલુકાના પિયાવા ગીર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, પિયાવા ગીર, તા. વિસાવદર, જી.જુનાગઢ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, પિયાવા ગીર, તા.વિસાવદર, જી.જુનાગઢ ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૮ મી જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર**
**સહી.**
**(પી.વી. શિંગડીયા)**
**નાયબ મામલતદાર**
**વિસાવદર**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી.**
**(આર.એન.ખોડભાયા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**

### મંડોરથી સાવરકુંડલા આવવા નીકળેલી બસ ઢસા પહોંચતા લાઈન ચેકીંગ દરમિયાન

# સા.કુંડલા ડેપોની બસમાંથી વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીન મળ્યા

બગસરા, તા.૦૮

૩૧ ડિસેમ્બરમાં દારૂની હેરફેર ન થાય તે માટે પોલીસ અને એસ.ટી.લાઈન ચેકીંગ ટીમ દ્વારા બસની તપાસ કરવામાં આવતી હતી પરંતુ ૩૧ ડિસેમ્બર બાદ એસ.ટી.બસમાં જ દારૂની હેરફેર શરૂ થઈ ગઈ છે. જેમાં સાવરકુંડલા ડેપોની બસ નં.જીજે-૧૮-ઝેડટી-૦૭૩૦ મંડોરથી સાવરકુંડલા આવવા માટે નીકળી હતી અને રાત્રિના બે વાગ્યાની આસપાસ ઢસા ચોકડી પાસે પહોંચતા અમરેલી એસ.ટી.ચેકીંગની ટીમ દ્વારા બસની તલાસી લેવામાં આવતા બસમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નં.૪૫ અને ૨૪ નંગ બિયરના ટીન બસની ડેકીમાંથી મળી આવ્યા હતા. એસ.ટી.ચેકીંગ ટીમના એમ.એ. જુણેજા અને આર. એચ. હિંગુએ તાત્કાલિક ઢસા પોલીસને જાણ કરી હતી જેથી ઢસા પોલીસે બસના કંડકટર જગદીશ ભરાડ સામે ગુનો નોંધ્યો છે. આ દારૂ કોણે મંગાવ્યો અને કોને આપવાનો હતો તે બાબતે પોલીસ પુરપરછ કરશે. આમ, એસ.ટી.બસનો ઉપયોગ દારૂની હેરાફેરી કરવામાં થયો હોવાનું સામે આવતા ચકચાર મચી જવા પામી છે.


તસવીર :મયુર પંડયા

અત્રે નોંધનીય છે કે ગુજરાતની બોર્ડર નજીક અમરેલી એસ.ટી.ડિવિઝનની જે બસ જાય છે તેવી તમામ બસમાં ચેકીંગ કરવામાં આવે તે જરૂરી છે. ઘણીવાર ડ્રાઈવરો પણ નશામાં બસ ચલાવતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

### કંડક્ટરને સસપેન્ડ કરવામાં આવશે : વિભાગીય નિયામક

મંડોર-સાવરકુંડલા બસની ડેકીમાંથી દારૂ અને બિયરના ટીન મળ્યા બાદ ઢસા પોલીસે કંડકટર જગદીશ ભરાડ સામે ગુનો નોંધ્યો છે આ બાબતે અમરેલી વિભાગીય નિયામક પટેલે જણાવ્યું હતું કે, કંડકટર જામીન પરથી છુટશે એટલે તરત જ તેને સસ્પેન્ડ કરવામાં આવશે. આમ, હવે કંડકટર સામે સસ્પેન્શનના પગલા તોળાઈ રહ્યા છે.

### દારૂની હેરફેર કરનાર બસના કંડક્ટર સામે ઢસા પોલીસે ગુનો નોંધ્યો

# અમરેલીના લીલીયા રોડ પર નિર્માણાધીન અંડરબ્રિજના ખાડામાં એક્ટિવા ખાબકતાં એકનું કરૂણ મોત

### બે મહિલા ગંભીર ઈજાગ્રસ્ત થતા સારવારમાં ખસેડાઈ



અમરેલી,તા.૦૮

અમરેલીમાં લીલીયા રોડ પર નિર્માણાધીન અંડરબ્રિજની કરૂણાંતિકા સામે આવી છે. મધરાતે એક્ટિવા પર સવાર ત્રણ લોકો પાણી ભરેલા ખાડામાં ખાબક્યા હતા, જેમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આશીભાઈ સતારભાઈ સેલોત મોડી રાત્રે બે મહિલાઓ સાથે એક્ટિવા પર પસાર થઈ રહ્યા હતા, ત્યારે અકસ્માત સર્જાયો હતો. ફાયર વિભાગને જાણ થતાં જ જવાનોએ કડકડતી ઠંડીમાં ત્રણેયનું રેસ્ક્યૂ કરી સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. સારવાર દરમિયાન આશીભાઈ સેલોતનું મોત નિપજ્યું છે, જ્યારે ઈજાગ્રસ્ત બંને મહિલાઓની હાલત ગંભીર છે અને તેઓ સારવાર હેઠળ છે. આ ઘટના અંગે અમરેલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. નિર્માણાધીન સ્થળે સુરક્ષાના અભાવે આ અકસ્માત સર્જાયો હોવાનું મનાઈ રહ્યું છે.

### પ્રધાનમંત્રીના ગુજરાત પ્રવાસને લઈ એસ.ટી.નિગમ દ્વારા

# અમરેલી એસ.ટી.ડિવિઝનની ૧૨૦ બસ પ્રધાનમંત્રીના કાર્યક્રમમાં મોકલાશે

### મોટાભાગની એસ.ટી.બસ બંધ રહેનાર હોવાથી મુસાફરોને હાલાકી થશે

બગસરા, તા.૦૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૧ જાન્યુઆરીના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેમના કાર્યક્રમો માટે રાજ્યમાંથી કુલ ૨૦૦૦ બસો ફાળવવામાં આવી છે. જેમાં અમરેલી ડિવિઝનમાંથી કુલ ૧૨૦ બસ ફાળવવામાં આવી છે. અમરેલી એસ.ટી. ડિવિઝનના સા.કુંડલા, બગસરા, ધારી, રાજુલા, ઉના, કોડીનારની લોકલ બસ સેવા પ્રભાવિત થશે. અમરેલી જિલ્લા પરિવહન અધિકારીના જણાવ્યા મુજબ પ્રધાનમંત્રીના કાર્યક્રમમાં ૧૨૦ બસ મોકલવામાં આવશે. આ બસ શનિવારની રાત્રિથી મોકલવામાં આવશે. જમાં અમરેલી ડેપોની ૨૮, બગસરા ડેપોની ૨૦, સા.કુંડલા ડેપોની ૨૦, રાજુલા-કોડીનાર ડેપોની ૧૦, ઉના ડેપોની ૧૫ બસ ફાળવવામાં આવશે. રવિવારના રોજ મોટાભાગની લોકલ બસ બંધ રહેશે. લોકલ બસ સેવા બંધ રહેવાથી ગ્રામ્ય વિસ્તારના મુસાફરોએ ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડશે. આના કારણે તેમને વધુ ભાડું ચૂકવવું પડશે. વિભાગીય નિયામક દ્વારા બસ ફાળવવામાં અરસપરસ સંકલનમાં રહીને કામ કરવાની સૂચના આપવામાં આવી છે.

### ધારીના ગરમલી ગામે દીપડો પાંજરે પુરાયો


તસવીર : સંજય વાળા

ધારી તાલુકાના ગરમલી ગામમાં છેલ્લા ઘણા સમયથી લોકોમાં આતંક ફેલાવતો દીપડો આખરે ઝડપાયો છે. ગામના રહેવાસીઓએ દીપડો વારંવાર દેખાતો હોવાની જાણ વન વિભાગને કરી હતી. વન વિભાગની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને ગામ નજીક પાંજરું મૂક્યું હતું. પાંજરામાં દીપડો આબાદ ઝડપાતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. અત્રે નોંધનીય છે કે ગરમલી ગામે છાશવારે રાનીપશુઓ આવી ચડતા હોવાથી ગ્રામજનો ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે.

# પીએમના આગમન પહેલા સીએમ ભૂપેન્દ્ર પટેલ, ડે.સીએમ હર્ષ સંઘવી શિવ મંદિર પહોંચ્યા

અમદાવાદ,તા.૦૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી ત્રણ દિવસ ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. ગુજરાત પ્રવાસ સમયે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી થશે. સોમનાથ સ્વાભિમાન પર્વની ત્રિ-દિવસીય ઉજવણીનો આજથી ભાજપના નેતાઓએ શિવમંદિરોમાં દર્શન પૂજન કરીને શુભારંભ કરાવ્યો છે. મહત્વનું છે કે, આજથી એક હજાર વર્ષ પહેલા ૧૦૨૬માં સોમનાથ મંદિર પર થયેલા હુમલા સામે અતૂટ શ્રદ્ધા અને આસ્થા તથા સામૂહિક શક્તિના સંકલ્પથી આજે સોમનાથ મંદિર ભવ્યતા અને દિવ્યતાના પ્રતીક રૂપે અડીખમ ઊભું છે.



આ શૌર્યતા અને કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાનો ગૌરવ મહિમા સોમનાથ સ્વાભિમાન પર્વથી પીએમ મોદીના પ્રેરણા માર્ગદર્શનમાં થઈ રહ્યો છે. આ પર્વમાં સામૂહિક ઓમકાર નાદથી જોડાવા મંદિરોમાં ૭૨ કલાક ઓમકાર નાદના ગુંજારવથી ભક્તિમય વાતાવરણનું નિર્માણ થવાનું છે. આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ આ ઓમકાર નાદમાં ગાંધીનગરમાં ધોળેશ્વર મહાદેવ મંદિરથી શ્રદ્ધાપૂર્વક જોડાયા હતા. તેઓએ ગાંધીનગરના ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે પૂજન અર્ચન કર્યું હતું. આ ઉપરાંત સામૂહિક ઓમકાર નાદમાં સહભાગી થવાનો સૌને અનુરોધ કર્યો હતો. તેમજ રાજ્યના નાગરિકોને મંદિરો - દેવાલયોમાં થતાં સામૂહિક ઓમકાર નાદ અથવા તો પોતાના ઘરે પણ સમય મળે ત્યારે ઓમકાર મંત્ર સ્મરણ કરીને સોમનાથ સ્વાભિમાન પર્વમાં જોડાવા અપીલ કરી હતી.

જ્યારે આજે ગૃહરાજ્ય મંત્રી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનો આજે જન્મ દિવસ પણ છે. તેમણે તેમના જન્મ દિવસે સેક્ટર ૧ ખાતે આવેલા સ્વામિનારાયણ મંદિર ખાતે ગૌ પૂજન અર્ચન કર્યું હતું.

# પીએમ મોદી અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬નું ઉદ્‌ઘાટન કરશે

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૮

ગુજરાતમાં ઉત્તરાયણ એટલે કે મકરસંક્રાંતિના તહેવારનું આગવું મહત્ત્વ છે. સમગ્ર રાજ્યના પતંગ રસિયાઓ રંગબેરંગી પતંગો હવામાં ઉડાડીને ઉત્તરાયણનો તહેવાર ઉજવે છે. આ વર્ષે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૬'નું ઉદ્‌ઘાટન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના



હસ્તે ૧૨મી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારે સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે કરવામાં આવશે. આ ઉદ્‌ઘાટન સમારોહમાં જર્મનીના ચાન્સેલર ફ્રેડરીક મર્ઝની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'નું આયોજન પુરજોશમાં કરવામાં આવી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૫૦ દેશોના ૧૩૫ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ભારતના ૧૩ રાજ્યોમાંથી ૬૫ તથા ગુજરાતના ૧૬ જિલ્લાઓમાંથી ૮૭૧ પતંગબાજો એમ કુલ મળીને ૧૦૭૧ પતંગ રસિયાઓ ભાગ લેશે.

# બિટકોઈન ખંડણી કેસ : જેલમાં રહેલા પૂર્વ ધારાસભ્ય નલીન કોટડીયાના જામીન મંજૂર

સુરત,તા.૦૮

સુરતના બહુચર્ચિત બિટકોઈન ખંડણી કેસમાં એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. આ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ભાજપના પૂર્વ ધારાસભ્ય નલીન કોટડીયાને ગુજરાત હાઈકોર્ટ દ્વારા જામીન મંજૂર કરવામાં આવ્યા છે. કોર્ટે તેમને ૫૦,૦૦૦ રૂપિયાના પર્સનલ બોન્ડ પર જામીન આપવાનો આદેશ કર્યો છે. વર્ષ ૨૦૧૮માં સુરતના બિલ્ડર શૈલેષ ભટ્ટનું અપહરણ કરી તેમની પાસેથી કરોડોની કિંમતના ૧૭૬ બિટકોઈન બળજબરીથી ટ્રાન્સફર કરાવવાનો અને ૩૨ કરોડની ખંડણી માંગવાનો ગંભીર આરોપ લાગ્યો હતો. આ ગુનામાં પોલીસ અધિકારીઓ સહિત



કુલ ૧૪ શખ્સો સામેલ હતા, જેમાં પૂર્વ ધારાસભ્ય નલીન કોટડીયાનું નામ પણ મુખ્ય આરોપી તરીકે ખુલ્યું હતું. અમદાવાદની સ્પેશિયલ એસીબી કોર્ટે આ કેસમાં પુરાવાઓ અને સાક્ષીઓને આધારે નલીન કોટડીયા સહિત તમામ ૧૪ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. કોર્ટે આ તમામ આરોપીઓને આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હતો. આ ચુકાદા બાદ નલીન કોટડીયા જેલવાસ ભોગવી રહ્યા હતા.








